# જય જિનેન્દ્ર

**વિચારશીલ જૈનોનો વિચારશીલ અવાજ**

Newspaper Registration No. GUJGUJ10312 •• Postal Registration No. GUJ-553 •• Vol II, Issue 11 •• February, 2004

Post Box No. 15008 Ambavadi, Amdavad 380 015 • Visit us : http://www.jainshasan.com • E-Mail : jayjinendra@jainshasan.com

# આજના પરોપજીવી ગચ્છાધિપતિઓ : નહોર વિનાના વનરાજ!

અત્યારના જૈનસંઘમાં સૌથી વધુ વજનદાર શબ્દ જો કોઈ હોય તો તે 'ગચ્છાધિપતિ' શબ્દ છે. આ વજનદાર શબ્દ આજે પોતાનું બધું જ વજન ગુમાવી બેઠો છે. જો કે ગચ્છાધિપતિ શબ્દ બહુ ભ્રામક છે. ગચ્છના કહેવાતા અધિપતિ ખરેખર તો જે તે સમુદાયના જ અધિપતિ હોય છે. તેઓ સમગ્ર ગચ્છના અધિપતિ તો હોતા જ નથી. સમુદાય અને ગચ્છનો તફાવત એટલો બધો સ્પષ્ટ છે કે એ વિષે વધુ કંઈ વિવેચન કરવાની જરૂરત રહેતી નથી. વિહાર કરીને કોઈ ગામમાં પહોંચનાર કોઈ સાધુને તે કયા ગચ્છનો છે તેવું નથી પૂછવામાં આવતું. તે કયા સમુદાયનો છે તે જ પૂછવામાં આવે છે!

આપણે તપાગચ્છ પૂરતી વાત કરીએ તો વર્તમાનકાળમાં સમગ્ર ગચ્છના અધિપતિ કોઈ આચાર્ય હોવાનું હજી સુધી તો જાણવામાં નથી આવ્યું. અત્યારે પ્રચલિત અર્થમાં જે તે સમુદાયના વડાને ગચ્છાધિપતિ તરીકે ઓળખવામાં આવે છે એટલા પૂરતું આપણે અહીં ગચ્છાધિપતિ શબ્દનો પ્રયોગ કરશું. આ ગચ્છાધિપતિની યોગ્યતા માત્ર એટલી જ હોય છે કે તે જે તે સમુદાયના સૌથી વધુ જૂના સાધુ હોય છે. 'સિનિયોરિટી'નો આધાર જ એમને ગચ્છાધિપતિ તરીકે ઓળખાવવા માટે પૂરતો થઈ પડે છે.

આ કહેવાતા ગચ્છાધિપતિનું પોતાના સમુદાયમાં કેટલું ઊપજે છે એ શોધખોળ કરવા જેવો વિષય છે. વીતેલાં વર્ષોમાં એક વાર સંવત્સરીની આરાધનાનો પ્રશ્ન ઊભો થયો ત્યારે એક સમુદાયના તત્કાલીન ગચ્છાધિપતિની મરજીથી વિરુદ્ધ જઈને એ જ સમુદાયના એક વિદ્વાન સાધુએ પોતે પોતાના ગચ્છાધિપતિથી વિરુદ્ધ સંવત્સરી પર્વની આરાધના કરવાનું રીતસર સરેઆમ એલાન કર્યું હતું. પોતાની સહીથી બહાર પાડેલી એક પત્રિકામાં પોતાના ગચ્છાધિપતિને રીતસર ધમકી આપતા હોય એવી ભાષામાં તેમણે જે નિવેદન કર્યું હતું તેનો ભાવાર્થ એવો હતો કે અમારા ગચ્છાધિપતિ અમારી ઇચ્છા મુજબ નહીં વર્તે તો અમે એમનાથી વિરુદ્ધ જઈને પણ અમારી ઠરાવેલી રીતે સંવત્સરીની આરાધના કરીશું!

આ એક એવો અવસર હતો કે ગચ્છાધિપતિ પોતાની અબાધ સત્તાનો ઉપયોગ કરીને પોતાના સમુદાયના સાધુને તેની હેસિયતનું ભાન કરાવી શક્યા હોત. પરંતુ ખરેખર શું બન્યું? એમને પેલા સાધુની ઇચ્છાને વશ બનીને પોતાની આંતરિક ઇચ્છાથી વિરુદ્ધ સંવત્સરીની આરાધના કરવા મજબૂર થવું પડ્યું અને અમુક દિવસે સંવત્સરીની આરાધના કરવી એવું ફરમાન પોતાના સમુદાય માટે જાહેર કરવું પડ્યું! સમુદાયની કહેવાતી શિસ્તના જાહેરમાં લીરા ઉડાડનાર અને સમુદાયના વડાની ખુલ્લેઆમ અવહેલના કરનાર સાધુ, ન કરે નારાયણ, ભવિષ્યમાં જો ગચ્છાધિપતિ બને, અને ન કરે નારાયણ, એની સાથે એની જ સ્ટાઇલમાં બગાવતનું પુનરાવર્તન થાય તો? તો શું? જૈનં જયતિ શાસનમ્!

એક બીજું ઉદાહરણ જોઈએ : એક સાધુને તેના પૂરવાર થયેલા અનાચારનાં કારણોસર એક ભવભીરુ ગચ્છાધિપતિએ સમુદાય બહાર મૂક્યો. આ સાધુ જે પરિવારનો હતો તેમાં આ બનાવથી હોબાળો થયો અને મામલો ગચ્છાધિપતિ સાથે 'ટપલીદાવ' સુધી પહોંચ્યો. છેવટે પેલા ગચ્છાધિપતિને પોતાનો આદેશ પાછો ખેંચી લેવો પડ્યો. વાચકમિત્રો, અહીં ટપલીદાવ અમે હળવાશમાં લખેલો શબ્દપ્રયોગ છે, બાકી ખરેખર તો જે થયું તે લખીએ તો અમે ઊંઘમાંયે ઝબકી જઈએ. સમુદાયમાંય પાછો સમુદાય, એવા ગ્રૂપિઝમથી ખદબદતા માહોલમાં કહેવાતા ગચ્છાધિપતિની જે હાલત થાય એ તો નહોર વિનાના કરી નખાયેલા સિંહને ચાબુકના જોરે નચાવતા રિંગમાસ્ટરને પણ ન આવડે!

જો કે અપવાદરૂપ કિસ્સામાં કોઈ કોઈ ગચ્છાધિપતિ પોતાની અબાધ શક્તિનો ઉપયોગ કરી શકતા હોય છે. ઉત્તર ગુજરાતના એક નાના ગામમાં એક સાથે બબ્બે સાધુઓ સજાતીય અનાચારના મામલે રંગે હાથે પકડાયા. તેમના તત્કાલીન ગચ્છાધિપતિએ તત્કાલ તેમનો સમગ્ર દીક્ષા પર્યાય કાપી નાખીને 'ફરીથી' વડી દીક્ષા આપી. કોઈ સાધુ 'ચૂં ચાં' કરી શક્યો નહીં. ગચ્છાધિપતિ પદ બહુ મોટી નૈતિક તાકાત માગી લે છે. એ જ સાધુઓ સમય જતાં હવે તો ઘણી 'પ્રગતિ' કરી ચૂક્યા છે અને હવે એમને સજાતીય કરતાં વિજાતીય પાત્રોમાં જ વધારે રસ પડે છે. એમનું તો સૂત્ર છે : 'સાચી મજા આમરસમાં નથી, ચામરસમાં છે!' અને પોતાના સેક્રેટરીની ટચલી આંગળીએ નાચતા એમના વર્તમાન ગચ્છાધિપતિ મોં વકાસીને બેસી રહ્યા છે! યાદ રહે : તત્કાલીન ગચ્છાધિપતિએ માત્ર સજાતીય સંબંધના મુદ્દે પણ કેટલી ગંભીર શિક્ષા કરી હતી? જ્યારે હવે તો વિજાતીય પાત્રો સાથે લહેર કરતા સાધુઓને પણ આંગળી અડકાડી શકાતી નથી! તેઓ જો આજે હાજર હોત તો? તો આવા આચારભ્રષ્ટ સાધુઓને સંસારમાં પરત ગયા વિના આરો જ ના રહેત!

અન્ય એક ઉદાહરણ તો ખૂબ ચોંકાવનારૂં છે. એક સાધુ એક ગચ્છાધિપતિની હડફેટે ચડી ગયો. તેનો ગંભીર કક્ષાનો ગુનોય પૂરવાર થઈ ગયો. પણ ગચ્છાધિપતિ તેને કશું કરી શક્યા નહીં. કારણ? વેલ, પેલા સાધુએ ઠંડે કલેજે સંભળાવી દીધું : *'મારી પહેલાં તો આપને જ ફરીથી વડી દીક્ષા લેવી પડશે. ખબર છે ને ફલાણા ગામમાં ફલાણી વ્યક્તિ સાથે આપે કેવું કર્યું હતું!'* બિચ્ચારા ગચ્છાધિપતિ. પોતાનો ભૂતકાળ પોતાની સિવાય કોઈ નથી જાણતું એવા 'ભોળપણ'માં રાચતા ગચ્છાધિપતિ કરે તો પણ શું કરે! હવે તો બન્નેને મજા : सह नाववतु, सह नौ भुनक्तु, सहवीर्यं करवावहै! અને આપણે છીએ કે આવા લોકોની આગળ આપણે ગચ્છાધિપતિ જેવો વજનદાર શબ્દ લખવા માટે મજબૂર થવું પડે છે!

**અનુસંધાન પૃષ્ઠ ૭ પર**

*ઈસ્ટ ઈન્ડિયા કંપની વખતે રમૂજમાં કહેવાતું : ખલ્ક ખુદાકા, મુલ્ક બાદશાહકા, હુકુમ કંપની સરકારકા!*

# નેવર, નેવર, નેવર. એવાઓના શરીરમાં શાસનદેવ આવે જ નહીં.

*જય જિનેન્દ્ર* (જાન્યુઆરી, ૨૦૦૪)માં અમે વાચકો સમક્ષ એક ગંભીર પ્રશ્ન મૂક્યો હતો. પ્રશ્નનું માળખું કંઈક આ પ્રકારનું હતું : *આચારહીન સાધુવેષધારીઓના શરીરમાં કોઈ શાસનદેવ કે શાસનદેવીનો પ્રવેશ થાય કે કેમ? અને આવા દુરાચારીના શરીરમાં આવીને શાસનદેવ કે શાસનદેવી લોકોના પ્રશ્નોના જવાબો આપવાનો તમાશો કરે કે કેમ? આવા લંપટોના શાસનદેવ સંબંધિત ધતિંગ અટકાવવા માટે કયા અને કેવા ઉપાયો કરવા જોઈએ? આવા લંપટ સાધુઓના વડીલો તેમના દુરાચાર અને ધતિંગો બાબતે મૌન ધારણ કરે તો તેનો આપની દૃષ્ટિએ શું અર્થ થાય છે?* રાબેતા મુજબ, શાહમૃગી લોકોએ જમીનમાં માથું ખોસી દીધું. તોયે અમારા વિચારશીલ વાચકોએ તો વિચારવલોણું કર્યું જ. વાતને વધુ વલોવ્યા વગર અમારા વિચારશીલ વાચકોએ તારવેલું નવનીત અહીં રજૂ કરી રહ્યા છીએ.

ચારિત્રહીન સાધુ-સાધ્વીના શરીરમાં શાસનદેવ આવે એ આખી વાત જ હાસ્યાસ્પદ છે! આવી શાસ્ત્રવિરોધી વાતોનો જોરશોરથી મુકાબલો કરવો જ જોઈએ.

**પદમચંદ બાગરેચા** (ચેન્નાઈ)

*જય જિનેન્દ્ર*માં જેનો ઉલ્લેખ થયો છે એ પ્રકારના સાધુ (કે સાધ્વી)ના શરીરમાં શાસનદેવ આવે એ વાતમાં કંઈ માલ નથી. આ નર્યો પ્રપંચ છે, એટલું જ નહીં, મને તો એમ સ્પષ્ટ કહેવાનું મન થાય છે કે આ પેટ ભરવાનો ધંધો છે. આવા ધતિંગને અટકાવવાનો ઇલાજ એક જ છે કે એમને લાલ આંખ કરીને કહી દેવું જોઈએ કે લોકોને છેતરવાના આ ગોરખધંધો બંધ કરો, નહીં તો સંઘ લાત મારીને તમને રવાના કરશે. અને જરૂર પડ્યે આપણે એમ કરવું પણ પડે.

**રાકેશચંદ્ર સિદ્ધાંતશાસ્ત્રી** (બ્યાવર)

ચારિત્ર સંબંધિત ગંદકી ધરાવનારા લંપટ સાધુઓના શરીરમાં ત્રણ કાળમાં ય શાસનદેવ આવે જ નહીં. આવા સાધુના વડીલોને સાફ સાફ કહેવું જોઈએ કે *'સાહેબજી, હવે બહુ થયું, આ આપના નબીરાની સાન ઠેકાણે લાવો, નહીં તો અમારે આપની સાન ઠેકાણે લાવવી પડશે.'*

**પંકજભાઈ શેઠ** (પાર્લા, મુંબઈ)

નેવર, નેવર, નેવર. એવાઓના શરીરમાં શાસનદેવ આવે જ નહીં. શાસનદેવ તે કંઈ નવરાધૂપ બેઠા છે કે કાશ્મીરથી કન્યાકુમારી સુધી આવા દુષ્ટોની પાછળ પાછળ ભટક્યા જ કરે! આવો તમાશો કરનારનું બીજું તો શું કરવાનું હોય? એમને અમારી જેવાં કપડાં પહેરાવીને રવાના જ કરવાના હોય!

**અશોકભાઈ શાહ** (મહેસાણા)

આવો પ્રશ્ન ઉપસ્થિત કરવાની જરૂર જ ક્યાં છે? દીવા જેવું સ્પષ્ટ છે કે શાસનદેવ જેવા ઉત્તમ કક્ષાના દેવો લંપટ સાધુના શરીરમાં ન જ આવે. તેમ છતાં કોઈ સાધુ એવો દાવો કરતો હોય તો તેનો અર્થ એટલો જ થાય છે કે તે માત્ર લંપટ સાધુ નથી, તે ઠગશિરોમણિ પણ છે! આની માટેનો ઉપાય પણ પૂછવામાં આવ્યો છે. સીધી જ વાત છે, એમને દરવાજો દેખાડી દેવો જોઈએ. જો એમના વડીલો આવા ઠગશિરોમણિની આવી હરકતો અટકાવી ન શકતા હોય તો તેમને પણ સબહુમાન કહી દેવું જોઈએ કે *'આપની પણ આ કાર્યમાં મૂક સમ્મતિ છે જ. અને આપનો સાધુ સમાજને છેતરે છે તેમાં આપ પણ સામેલ અને ભાગીદાર છો જ.'* ભૂતકાળમાં એવા ઘણા પ્રસંગો બન્યા છે જ્યારે શાસનદેવોએ ઉગ્ર તપસ્વી આચાર્યોની સહાયતા કરી હોય, પરંતુ તે સમયે પણ તેઓએ જે તે આચાર્યના શરીરમાં પેસીને લોકોના પ્રશ્નોના ઉત્તરો આપવાનો જાહેર તમાશો કર્યો હોય તેવું ક્યાંય નોંધાયું નથી.

**યોગેશ કામદાર** (વાસણા, અમદાવાદ)

*શાસનદેવ તે કંઈ નવરાધૂપ બેઠા છે કે કાશ્મીરથી કન્યાકુમારી સુધી આવા દુષ્ટોની પાછળ પાછળ ભટક્યા જ કરે!*

૧. વૈક્રિય શરીર ધરાવનારા, ઊંચી કક્ષાના અને સમ્યગ્દૃષ્ટિ શાસનદેવ કે દેવી કોઈ પણ મનુષ્યના અશુચિથી ભરેલા સાતધાતુમય ઔદારિક શરીરમાં આવે નહિ. છતાં કોઈના પ્રત્યે વેર હોય તો ભૂત, પ્રેત, પિશાચ જેવી હલકી દેવયોનિનો જીવ મનુષ્યના શરીરનો કબજો લઈ શકે કે સાધુને પણ વળગીને હેરાન કરી શકે.

૨. 'મારા કેટલા ભવ થશે' એ જાણવાની મહારાજા કુમારપાળને ઇચ્છા થઈ ત્યારે કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે શાસનદેવીને પ્રત્યક્ષ બોલાવીને આ પ્રશ્નનો ઉત્તર કેવલી ભગવંત પાસેથી જાણી લાવવા કહ્યું હતું. પોતાના શરીરમાં શાસનદેવીનો પ્રવેશ કરાવીને પોતાના મોઢેથી જવાબો આપ્યા ન હતા. આવા પ્રખર જ્ઞાની અને નિષ્ણાત માંત્રિક સિદ્ધના શરીરમાં પણ જો દેવી ન પધાર્યાં તો અત્યારના સાધુ(!)ના શરીરમાં કેવી રીતે આવે?

૩. આહારક લબ્ધિધારી મુનિને પણ કોઈ બાબતની શંકા થાય તો આહારક શરીર વિકુર્વીને પ્રશ્નનો જવાબ મેળવવા કેવલી ભગવંત પાસે મોકલે છે, તો એક પણ લબ્ધિ વગરના આજના કહેવાતા સાધુ(!)ની શું વિસાત?

૪. પહેલાં એક સંસ્થાના વીર સૈનિકો ખોટા અને દંભી સાધુઓના વેષ ઉતરાવતા હતા એવું સાભળ્યું છે / વાંચ્યું છે. આવા વીર સૈનિકો જો અત્યારે હોય તો આવા અસાધુઓનાં ધતિંગો ખુલ્લાં પાડીને, તેમને કમાવા માટે સંસારમાં પાછા ધકેલી દેવાનું કામ વીર સૈનિકોને સોંપવું જોઈએ.

૫. આવા ધુતારાઓના વડીલો મૌન ધારણ કરીને કુલડીમાં ગોળ ભાંગતા હોય તો એમાં કાં તો એ પણ ભાગીદારીમાં સંડોવાયેલા હોય અથવા એ બિચારા લાચાર હોય, કાં તો ભયભીત હોય અથવા કંઈક મેળવવાનો લોભ હોય. આવાના વડીલ કહેવડાવવું અને એમને આશ્રય આપવો એ સકલ શ્રી સંઘને છેતરવા સમાન મહાપાપ છે.

આપણે ગૃહસ્થો જેમ કપૂતને નોટિસ આપીને કુટુંબમાંથી છૂટો કરીએ અને બધા સંબંધો કાપી નાખીએ તેમ, સમગ્ર સાધુસંસ્થાને અને પવિત્ર મુનિવેષને બટ્ટો લગાડનારા આવા કપૂત જેવા કુશિષ્યોને – અસાધુને – સંઘમાંથી જાહેર રીતે છૂટા કરવા જોઈએ. આ કાર્ય જૈનોની કૉન્ફરન્સ, મહામંડળ, કે ફેડરેશને કરવું જોઈએ અથવા વીર સૈનિકોએ કરવું જોઈએ.

**ડૉ. રશ્મિકાન્ત શાહ** (મલાડ, મુંબઈ)

શાસ્ત્રોમાં સ્પષ્ટ કહ્યું છે કે ભોગસુખોમાં રચ્યાપચ્યા રહેતા દેવાત્માઓને પૃથ્વી તરફ નજર સુદ્ધાં કરવાનો સમય નથી હોતો. પોતાના અતિ પ્રિયજનોને પણ દેવતાઓ ભૂલી જાય છે. એમાંય વળી વિશિષ્ટ પુણ્ય ધરાવતા સમ્યગ્દૃષ્ટિસંપન્ન શાસનદેવો તો આ બાજુ ફરકે પણ નહીં. કદાચ કોઈ કારણસર તેઓ ધરતી ઉપર નજર કરે તોય આચરણહીનની તો સામેય ન જુએ. આથી જો કોઈ સાધુ કે સાધ્વી આવા તમાશા કરતા હોય તો તે નરી છેતરપિંડી જ ગણાય એમ કહેતાં મને જરાયે સંકોચ થતો નથી. અને તેમના વડીલો જો આ મામલે કશું કરી શકતા ન હોય તો તેનો અર્થ એટલો જ છે કે તે ધતિંગ કરનારા સાધુના આંતરિક આતંકવાદથી દબાઈ ગયેલા ખોખલા માણસો જ છે. આનો ઇલાજ વિચારીએ તો તેમને ચેતવણી આપીને આવાં ધતિંગો બંધ કરવા કહેવું જોઈએ. એમ કરવાથી પણ તેઓ તેમની પ્રવૃત્તિઓ બંધ ન કરે તો વગર સંકોચે નિર્ભયપણાથી તેમનો વેષ ખેંચી લેવો જોઈએ.

**ધીરજબેન ચાલીસા** (સેટેલાઇટ, અમદાવાદ)

*પ્રખર જ્ઞાની અને નિષ્ણાત માંત્રિક સિદ્ધના શરીરમાં પણ જો દેવી ન પધાર્યાં તો અત્યારના સાધુ(!)ના શરીરમાં કેવી રીતે આવે?*

# જય જિનેન્દ્ર શબ્દ વૈભવ-૩

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ■ | ૩ | | ૪ | ૫ | | ૬ | ૭ |
| ૮ | | ૯ | | ■ | ૧૦ | | ■ | ૧૧ | |
| | ■ | | ■ | ૧૨ | ■ | ૧૩ | | | ■ |
| ■ | ૧૪ | | ૧૫ | | ૧૬ | | ■ | ■ | ૧૭ |
| ૧૮ | ■ | ૧૯ | મ | ■ | | ■ | ૨૦ | ૨૧ | |
| ૨૨ | ૨૩ | ■ | | ■ | ૨૪ | | | | |
| ■ | ૨૫ | | | | | ■ | | ■ | |
| ૨૬ | | ■ | | ■ | ■ | ૨૭ | | | |
| ■ | ૨૮ | ૨૯ | | ૩૦ | | ■ | | ■ | |
| ૩૧ | ■ | | ■ | | ■ | ૩૨ | | | ■ |

**શરતો, નિયમો અને સૂચનાઓ :** એક વ્યક્તિ ગમે તેટલી એન્ટ્રી મોકલી શકે છે, પરંતુ દરેક એન્ટ્રી સાથે *જય જિનેન્દ્ર*માં છપાયેલી કૂપન હોવી જરૂરી છે. ઝેરોક્સ કરીને મોકલેલી એન્ટ્રી રદબાતલ કરવામાં આવશે. ● સાચા જવાબો મોકલનારની સંખ્યા એકથી વધુ હશે તો વિજેતાની પસંદગી ડ્રૉ દ્વારા કરવામાં આવશે અને આ બાબતમાં કોઈ સાથે સવાલ-જવાબ, દલીલબાજી કે પત્રવ્યવહારમાં ઊતરવામાં નહીં આવે. ● સ્પર્ધા બાબતે સંચાલકોનો નિર્ણય આખરી ગણાશે. સ્પર્ધાની શરતો, નિયમો અને સૂચનાઓમાં ગમે ત્યારે ફેરફાર, સુધારા, વધારા કરવાનો અને/અથવા સ્પર્ધાને ગમે ત્યારે રદબાતલ કરવાનો અબાધિત અધિકાર સંચાલકો પાસે રહેશે. ● તમારી એન્ટ્રી અમને તારીખ ૨૮.૨.૨૦૦૪ સુધી મળી જવી જરૂરી છે. તે પછી મળેલી એન્ટ્રીઓ રદબાતલ ગણાશે. ● સાચા જવાબો અને ઇનામોની જાહેરાત એપ્રિલ, ૨૦૦૪ના અંકમાં કરવામાં આવશે. ● એન્ટ્રીના કવર ઉપર *જય જિનેન્દ્ર* શબ્દ વૈભવ-૩ લખવું જરૂરી છે. ● અપૂરતી ટિકિટ લગાડેલાં કવરો સ્વીકારવામાં આવશે નહીં. ● તમે મોકલેલી એન્ટ્રી ટપાલમાં ખોવાય, નાશ પામે કે અન્ય રીતે તેને કોઈ નુકસાન થાય તે સંયોગોમાં *જય જિનેન્દ્ર*ની કોઈ જવાબદારી બનતી નથી. ● *જય જિનેન્દ્ર* માસિકના કર્મચારીઓ કે રિપોર્ટરો આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે નહીં. ● **તમારી એન્ટ્રી અહીં મોકલશો :** *જય જિનેન્દ્ર*, એફ ૯, શ્રીનંદનગર વિભાગ ૪, સોનલ ટૉકિઝ રોડ, વેજલપુર, અમદાવાદ ૩૮૦૦૫૧.

**આડી ચાવી**

૧. દેરાસરમાં જઈને તમે શું કરશો? (૨)
૩. શ્રાવકનું એક વ્રત, શ્રાવકનું એક શ્રેષ્ઠતમ કર્તવ્ય (૭)
૮. નંદીશ્વર દ્વીપમાંનો એક પર્વત (૪)
૧૦. છઠ્ઠા ભગવાનનાં મુખ્ય સાધ્વીજીનું નામ (૨)
૧૧. યુદ્ધ, લડાઈ (૨)
૧૩. યુક્ત, સહિત (૩)
૧૪. ........ ખુ સામણું (૬)
૧૯. મોહ, અજ્ઞાન, અંધકાર (૨)
૨૦. તું મોક્ષની ........માં હું દુઃખભર્યા સંસારમાં (૩)
૨૨. બીજા દેવલોકના ઇન્દ્રની પટ્ટરાણીનું નામ (૨)
૨૪. જૈન મુનિઓનું એક અનિવાર્ય ઉપકરણ (૫)
૨૫. સાધુ, ક્ષમાપ્રધાન મુનિ, એ નામનું એક સૂત્ર (૫)
૨૬. આર્તધ્યાનનું કારણ બનતી મોહનીય કર્મની એક પ્રકૃતિ (૨)
૨૭. દોષો દૂર કરવા ગુરુ દ્વારા કરાવાતી એક પ્રકારની પ્રવૃત્તિ (૪)
૨૮. અજિતશાન્તિમાં આવતો એક છંદ (૫)
૩૨. રહસ્યનો જાણકાર (૩)

**ઊભી ચાવી**

૧. દશ ........ ભણિયા જે મુનિવર ભદ્રગુપ્ત ગુરુ પાસે રે. (૩)
૨. ચાર ગતિ અને પાંચ ........થી દુઃખમય આ સંસાર (૨)
૩. સાતમા ચક્રવર્તીનું નામ (૨)
૪. વંદે ........ચરિત્ત-નાણ-સંપન્ને (૨)
૫. નવ સ્મરણમાં આવતું એક સ્મરણ (૪)
૬. ચક્રવર્તી ભરતના નામ ઉપરથી જેનું નામ પડ્યું છે તે (૩)
૭. ભ. મહાવીરના ૧૧ ગણધર અને ૯ ........ હતા. (૨)
૯. કર્મોની ........ કાપે ત્યારે એવું કાપે કે વાત ન પૂછો. (૪)
૧૨. નહીં વધારે નહીં ઓછું, એક સરખું (૨)
૧૫. તીર્થંકરો આમાં બેસી દેશના આપે (૬)
૧૬. અનંતકાયમાં જન્મ અપાવનારી એક કર્મપ્રકૃતિ (૪)
૧૭. સાધુજીવન સંબંધિત સિત્તેર બોલનો સમૂહ (૬)
૧૮. એક અંગુલનો આઠમો ભાગ (૨)
૨૦. એક મહાસમર્થ ઘાતી કર્મ (૬)
૨૧. એક પ્રકારનો કળશ (૨)
૨૩. શત્રુંજય મંડન ........ સાહિબ દેવ (૪)
૨૯. સ્થૂલભદ્રની સૌથી મોટી બેનનું નામ (૨)
૩૦. મને ........ બતાવો ને. (૨)
૩૧. પણ, અને વળી (૧)

## જય જિનેન્દ્ર શબ્દ વૈભવ-૩ના વિજેતાને મળશે ૧૧૧૧ રૂપિયા રોકડા

જય જિનેન્દ્ર શબ્દ વૈભવ-૧ના વિજેતા : શ્રીમતી મધુકાન્તાબેન સી. શાહ (વાડજ, અમદાવાદ) તેમને ઇનામ રવાના કરાઈ રહ્યું છે.

**જય જિનેન્દ્ર શબ્દવૈભવ-૧નો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| પ્રા | સુ | ક | ■ | સ | કા | મ | નિ | ર્જ | રા |
| ■ | ■ | રુ | ચ | ક | ■ | ■ | કા | ■ | મ |
| ખા | મ | ણા | ■ | લ | વ | ■ | ચિ | ■ | ચં |
| મે | રુ | ■ | પ્ર | ■ | સ | મં | ત | ભ | દ્ર |
| ઉં | ■ | ■ | તિ | ગ | તિ | ગ | ■ | દ્રા | ■ |
| ■ | આ | રા | હ | ણા | ■ | લા | ઘ | વ | ■ |
| વિ | ઉ | લ | ત | વ | ■ | ય | ■ | તી | ર |
| સ | ર | ■ | ■ | ચ્છે | ■ | ત | રુ | ■ | ત્મા |
| હ | ■ | પા | પ | દ | હ | ન | ■ | ■ | વ |
| ર | ક્ખં | તુ | ■ | ક | લિ | ■ | ગ | હું | લી |

**● તમારી એન્ટ્રી આજે જ મોકલો . . .**

નામ ______________________

સરનામું ______________________

______________________

ગામ ______________________ પિનકોડ નંબર ______________________

જિલ્લો ______________________ ફોન નંબર ______________________

જય જિનેન્દ્ર મેમ્બરશિપ નંબર ______________________

ઈ-મેઇલ ______________________

## સારી રીતે પાસ થવાનો સચોટ આઇડિયા

પ્રિય બાળદોસ્તો,

ટૂંક સમયમાં જ તમારી વાર્ષિક પરીક્ષા આવશે, ખરૂં ને? વાર્ષિક પરીક્ષામાં સારા ટકા લાવીને પાસ થવું કોને ન ગમે? ભણીગણીને સારા માણસ બનવાની દરેકની ખ્વાહિશ હોય છે. મને ઘણીવાર ઘણા લોકો પૂછે છે કે આ જૈનોનાં છોકરાં આટલાં તેજસ્વી કેમ હોય છે? તેઓ ભણવામાં શા માટે ખૂબ આગળ હોય છે? ત્યારે હું તેમને કહું છું કે અમારાં જૈન બાળકો અરિહંત પ્રભુમાં જોરદાર આસ્થા રાખનારાં હોય છે. અમારાં જૈન બાળકો ગુરુઓનો, માતા-પિતાનો વિનય કરવામાં એકદમ આગળ પડતાં હોય છે. બાળદોસ્તો, મારી વાત ખોટી છે?

દોસ્તો,

અહીં સારી રીતે પાસ થવાની, ભણીગણીને આગળ વધવાની થોડી ટિપ્સ આપી છે. એ પ્રમાણે કરશો તો જરૂર તમે સારા માર્ક્સ લાવીને પાસ થશો.

૧. સવારે ઊઠીને પહેલું કામ દેરાસરે જવાનું કરવાનું.

૨. તમારાં બા-બાપુજી, દાદા-દાદી, મમ્મી-પપ્પાને રીતસર પગમાં પડીને પ્રણામ કરવાના.

૩. ઘરમાં એક સરસ મજાનો ગૌતમસ્વામી ભગવાનનો ફોટો રાખવાનો, તેમનાં દર્શન કરવાનાં. તેમની માળા ગણવાની. ગૌતમસ્વામીની માળા કઈ રીતે ગણાય તે તો તમને ખબર છે ને? ન હોય તો આ મંત્ર પાકો કરી લો : ''ૐ હ્રીં અરિહંત–ઉવજ્ઝાય–ગૌતમસ્વામિને નમઃ'' સફેદ રંગની માળા લઈને તેની ઉપર આ મંત્ર ગણવાનો. આખી માળા પૂરી થઈ જાય એટલે તમે રાજા.

૪. હવે બીજા એક બહુ નાનકડા મંત્રની માળા ગણો : ''ૐ હ્રીં નમો નાણસ્સ''

૫. હવે તમે બરોબર વાંચવાનું શરૂ કરી દો.

– ટી.વી.નો અવાજ તમારા કાનમાં ન જાય તે રીતે તમારે વાંચવાનું.

– ક્રિકેટ રમતા છોકરાઓ ઉપર તમારી નજર ન પડે એ રીતે તમારે વાંચવાનું.

આટલું કર્યા પછી તમે સારામાં સારી રીતે પાસ થવાના તેની પાકી ગેરંટી. પણ હા, થોડું ખાસ સિક્રેટ તો તમને કહેવાનું રહી જ ગયું.

નીચે જણાવેલી બાબતો તમને સારી રીતે પાસ થવામાં ખાસ ઉપયોગી બનશે. આ વરસે કરી જોજો, દર વરસે કરવાનું મન થશે.

૧. પેન્સિલ, બોલપેન અને બીજાં સાધનો કે જે લખવામાં કામ આવતાં હોય તેને તમારી જીભ નહીં અડવા દેવાની.

૨. ચોપડીનાં પાનાં ફેરવો ત્યારે આંગળી જીભે અડાડીને પછી ફેરવો છો ને? હા, તો તે આજથી બંધ. ચોખ્ખી અને કોરી આંગળીએ જ ચોપડીનું પાનું ફેરવવાનું. આ જ રીતે છાપાનાં પાનાં પણ ચોખ્ખી આંગળીએ જ ફેરવવાનાં.

૩. કાગળ ઉપર પગ પડી જાય, કાગળને પગ અડકી જાય તો ત્યાં ને ત્યાં ઊભા રહીને અગિયાર વખત ''નમો અરિહંતાણં'' બોલવાનું. કાગળ ઉપર બેસવાનું તો ભૂલથી યે નહીં. બરોબરને? જો બેસી જવાય તો તરત કાગળની માફી માગીને ૨૧ વખત ''નમો અરિહંતાણં'' બોલી જવાનું.

૪. કવર ઉપર ટિકિટ લગાડતી વખતે થૂંકનો ઉપયોગ? નો પ્લીઝ!

૫. રસ્તે જતાં રોડ ઉપર લખાણો કરેલાં હોય તેની ઉપર પગ નહીં મૂકવાનો. બાજુમાંથી જવાનું. અને હા, તમારા ઘરમાં દાખલ થતાં જે પગલૂછણિયા ઉપર પગ સાફ કરો છો એને પણ ચેક કરી લો. એની ઉપર કંઈ લખેલું છે? જો હા, તો તમારાં મમ્મી-પપ્પાને યાદ દેવડાવી દો કે આપણે જૈન છીએ. તમારાં મમ્મી-પપ્પાને કહો કે આપણા ઘરમાં હવેથી કોઈ પણ માણસ લખાણવાળા પગલૂછણિયા ઉપરથી નહીં ચાલે.

હવે જુઓ મજા અને જુઓ તમારી બુદ્ધિના ચમકારા. તમારા સર પણ અચંબો પામી જશે કે આ *જય જિનેન્દ્ર*ની પાઠશાળાનાં બાળકો મારા બેટાં આટલાં હોંશિયાર કેવી રીતે થઈ ગયાં.

## ગયા અંકના જવાબો અને નવા સવાલો

પ્રિય બાળદોસ્તો,

ગયા અંકમાં તમને પૂછેલા સવાલોના જવાબો આ મુજબ છે.

**૧.** પ્રસન્નચંદ્ર મુનિ પોતનપુરના રહેવાસી હતા.

**૨.** પ્રસન્નચંદ્ર મુનિ ભગવાન મહાવીરના શિષ્ય હતા.

**૩.** શ્રેણિક રાજાએ પ્રસન્નચંદ્ર મુનિના તપથી પ્રભાવિત થઈને ભગવાન મહાવીરને તેમની બાબતમાં સવાલો પૂછ્યા હતા.

**૪.** પ્રસન્નચંદ્ર મુનિ પોતાના કાળધર્મ પછી મોક્ષમાં ગયા.

**૫.** પહેલાં તેઓ 'રાજા' હતા પછી 'ઋષિ' એટલે કે મુનિ બન્યા માટે તેઓ 'રાજર્ષિ' કહેવાયા.

આમણે મોકલ્યા છે સાચા જવાબો :

મુંબઈથી પૂ. બાલમુનિ શ્રી પ્રિયરત્ન વિજયજી મ. તથા પૂ. બાલમુનિ શ્રી આગમરત્નવિજયજી મ., વાસણા-અમદાવાદથી નિલય શાહ, ખાર-મુંબઈથી પરાગ વોરા, વસ્ત્રાપુર-અમદાવાદથી અક્ષય શાહ અને નરોડા-અમદાવાદથી હેલી શાહે તદ્દન સાચા મોકલ્યા છે.

બીજા પણ બાળદોસ્તોએ જવાબો આપવાના પ્રયત્નો કર્યા છે પરંતુ તેઓ સંપૂર્ણ સાચા જવાબો આપી શક્યા નથી. દોસ્તો, તમે પ્રયત્ન ચાલુ રાખશો. તમને જરૂર સફળતા મળશે. ઘણા બાળદોસ્તોની ફરિયાદ મળી છે. તેઓ કહે છે કે *જય જિનેન્દ્ર*માં પૂછાયેલા પ્રશ્નોના ઉત્તરો એક અંક છોડીને બીજા અંકમાં આવે છે એના બદલે પછીના અંકમાં જ તેના જવાબો પ્રકાશિત કરવા જોઈએ. વાત તો ખરી છે. અમે અમારા બાળદોસ્તોના આ સૂચનને સ્વીકારી લઈને આ અંકથી જ એનો અમલ કરીએ છીએ.

હા દોસ્તો, તમે પણ એટલું યાદ રાખશો કે હવે પછી તમારે પાઠશાળાને લગતી સામગ્રી મોડામાં મોડી તા. ૨૦ સુધી અમને મળી જાય તેમ કરવું પડશે. બરોબર ને? કારણ કે તો જ અમારૂં કાર્યાલય પોતાના અન્ય કાર્યોમાં સમયસર પહોંચી શકે.

નવરંગપુરા-અમદાવાદથી એક બાળદોસ્ત વીરેન્દ્ર લખે છે કે શું મારે જૉક્સ અને સુવાક્ય લખીને પાઠશાળામાં પ્રકાશિત કરવા મોકલી શકાય? હઅં. ખુશીથી મોકલી શકાય. જૉક્સ મોકલાય, વાર્તા મોકલાય, કોયડો મોકલાય. જોડકણાં મોકલાય. સુવાક્ય મોકલાય. બાળકોને મજા આવે એવું બધું જ મોકલાય. તો ભઈલા, અમે તારા જૉક્સ અને સુવાક્યોની કાગડોળે પ્રતીક્ષા કરી રહ્યા છીએ.

બાળદોસ્તો, આજે તમને એક બહુ મજાની વાત કહેવાની છે. તમે ખુશ ખુશ થઈ જશો. અમે તો થઈ જ ગયા છીએ. આપણા આ વિભાગમાં આ વખતે જેમણે સાચા જવાબો મોકલ્યા છે તે બધામાં બે બાળમુનિવરોનો પણ સમાવેશ થાય છે. આ બાળમુનિવરોમાંથી પહેલા ૧૨ વર્ષની વયના છે અને બીજા માત્ર ૯ વર્ષની વયના છે. આ બન્ને બાળમુનિવરો રોજની પચ્ચીસ ગાથાઓ ભણીને એમના ગુરુજીને કડકડાટ સંભળાવી દે છે. અને હા, એમને તો સંસ્કૃત શ્લોકોય આવડે છે હો! આપણે આપણા આ વિભાગમાં એમનું સ્વાગત કરીશું ને?

બાળદોસ્તો, આ અંકના સવાલો આ પ્રમાણે છે :

**૧.** કલિકાલસર્વજ્ઞ હેચંદ્રાચાર્ય ક્યાંના રહેવાસી હતા? **૨.** તેમનું સંસારી નામ શું હતું? **૩.** તેમનાં માતુશ્રી કોણ હતાં? **૪.** તેમના ગુરુજીનું નામ શું હતું? **૫.** તેમણે લખેલા ગ્રંથોમાંથી કોઈ ત્રણ ગ્રંથનાં નામો આપો.

તમારા જવાબો નીચેના સરનામે અમને તા. ૨૦ ફેબ્રુઆરી સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપશો.

*જય જિનેન્દ્ર* કાર્યાલય

એફ ૯, શ્રીનંદનગર વિભાગ ૪, વેજલપુર, અમદાવાદ - ૫૧.

## જરાય જરૂરી નથી

આંબાવાડીમાં આંબા જ હોય એવું જરાય જરૂરી નથી.
મુંબઈમાં બધી બઈ જ હોય એવું જરાય જરૂરી નથી.
પ્રભાતમાં ભાત હોય એવું જરાય જરૂરી નથી.
આવાસમાં વાસ હોય એવું જરાય જરૂરી નથી.

**– રિંકી શાહ** (પાર્લા, મુંબઈ)

## સ્વામી વિવેકાનંદનો ધારદાર સવાલ

સ્વામી વિવેકાનંદ અમેરિકાની યાત્રાએ હતા ત્યારે તેમણે એકવાર ત્યાંના પ્રખ્યાત કતલખાનાની મુલાકાત લીધી.

સંચાલકે આખું કતલખાનું બતાવ્યું અને કહ્યું કે 'જુઓ સ્વામીજી, અમારા દેશની આધુનિક ટેક્નોલોજી. આપને આ આખા કતલખાનામાં ક્યાંય લોહીનું ટીપુંયે દેખાશે નહીં. અહીં બધું કામ ઓટોમેટિક થાય છે. ભેંસને મશીનમાં નાખ્યા પછી એના ચાલીસ પીસ થઈ જાય અને તે જુદા જુદા બોક્સમાં પેક થઈ જાય તોય ક્યાંય ગંદકી ન થાય. છે ને અમારી ટેક્નોલોજીનો ચમત્કાર!'

'હવે મારે એ જાણવું છે કે તમે લોકોએ આધુનિક ટેકનિકથી કાપેલી એ ભેંસને ફરીથી સજીવ કરવી હોય તો શું કરવાનું?' સ્વામીજીએ ધીમે રહીને પૂછ્યું.

'એ તો કેવી રીતે બની શકે?' સંચાલકે જવાબ આપ્યો.

'એવી ટેક્નોલોજીને શું ધોઈ પીવાની?' સ્વામીજીએ ટાઢા ડામ આપતાં કહ્યું : 'તમે મારવાની ટેક્નોલોજી શોધી છે. અમારા પૂર્વજોએ તો જિવાડવાની ટેક્નોલોજી શોધી છે, અને તે પણ હજારો વર્ષ પહેલાંથી. બહાદુરી કોઈને મારી નાખવામાં નથી. જિવાડવામાં છે. સમજ્યા મિસ્ટર?'

કતલખાનાનો સંચાલક આ સાંભળીને ઠંડોગાર થઈ ગયો. આપણી સંસ્કૃતિ બીજાને જિવાડવામાં માને છે. મારી નાખવામાં નહીં.

**– પ્રીત સકલેચા** (ચેન્નાઈ)

## કોણ શેની માટે વખણાય છે?

- **ભગવાન મહાવીર** : ઉગ્ર સાધના માટે.
- **ગુરુ ગૌતમસ્વામી** :શ્રેષ્ઠ વિનય માટે
- **ધન્ના અણગાર** : ઉગ્ર તપશ્ચર્યા માટે.
- **મહાત્મા સ્થૂલભદ્ર** : નિષ્કલંક ચારિત્ર માટે
- **નંદીષેણ મુનિ** : અદ્‌ભુત વૈયાવૃત્ય માટે
- **સાધ્વી મૃગાવતીજી** : ક્ષમાપના માટે
- **પૂણિયો શ્રાવક** : સામાયિક માટે
- **અભયકુમાર** : અજબ-ગજબની બુદ્ધિ માટે

**– પરાગ વોરા** (ખાર, મુંબઈ)

# જૈન ધર્મનું શબ્દજ્ઞાન (૨)

## ~~~~~~~~~~~~ પારિભાષિક જૈન શબ્દોનો અર્થ ~~~~~~~~~~~~

ગયા અંકમાં આપણે જૈન ધર્મમાં પ્રયોજાતા જુદા જુદા પારિભાષિક શબ્દો અને તેના અર્થો જોયા હતા, તેમાં આઠ કર્મોનો ઉલ્લેખ પણ આવ્યો હતો. એ આઠ કર્મોની સામાન્ય વ્યાખ્યાઓ નીચે મુજબ છે.

૧. જ્ઞાનાવરણીય કર્મ=આ કર્મ આત્માના જ્ઞાનગુણને ઢાંકી રાખે છે.
૨. દર્શનાવરણીય કર્મ=આ કર્મ આત્માના દર્શનગુણને ઢાંકી રાખે છે.
૩. વેદનીય કર્મ=આ કર્મ સુખ-દુઃખની અનુભૂતિ કરાવે છે.
૪. મોહનીય કર્મ=આ કર્મ આત્માની સમજણને ઢાંકી રાખે છે.
૫. આયુષ્ય કર્મ=આ કર્મ આત્માને શરીરમાં ટકાવી રાખે છે.
૬. નામ કર્મ=આ કર્મ આત્માને જુદી જુદી અવસ્થાઓમાં મૂકી આપે છે.
૭. ગોત્ર કર્મ=આ કર્મ આત્માને ઉચ્ચ નીચ સ્થિતિમાં મૂકી આપે છે.
૮. અંતરાય કર્મ=આ કર્મ કેટલીક મહત્ત્વની બાબતોમાં રુકાવટો ઊભી કરે છે.

પ્રસંગવશ આ કર્મોને લગતી કેટલીક સારભૂત બાબતોને સમજી લઈએ :

કર્મોના બે ભાગ પડે છે : ૧. ઘાતી કર્મ અને ૨. અઘાતી કર્મ.

જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય આ ચાર કર્મો ઘાતી છે. એ કર્મોને ઘાતી એટલા માટે કહે છે કે એ આત્માના મૂળભૂત ગુણોને સીધી હાનિ પહોંચાડે છે. આ કર્મો પૂર્ણપણે નાબૂદ થાય તો જ વ્યક્તિ કેવળજ્ઞાની બને છે. કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી પણ ચાર કર્મો તો બાકી રહે છે, પરંતુ જીવનની અંતિમ પળે બાકીનાં કર્મો પણ કાયમી ધોરણે ચાલ્યાં જાય છે. સેનાપતિ શરણે આવી ગયા પછી જેમ બાકીનું સૈન્ય પણ શરણે આવી જાય છે અથવા તીતરબીતર થઈ જાય છે તેમ ઘાતી કર્મો નાબૂદ થયા પછી અઘાતી કર્મો નાબૂદ થાય તે માત્ર સમયનો જ સવાલ હોય છે.

દરેક માનવ પોતાની માનવ તરીકેની જિંદગીમાં ઘાતી કર્મોનો નાશ કરશે કે કેમ તે નક્કી નથી હોતું, પરંતુ જો તે ઘાતી કર્મોનો નાશ કરી જ નાખે તો તે અઘાતી કર્મોનો નાશ તો અવશ્યમેવ કરશે જ તે નક્કી હોય છે.

~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~

# જૈન ધર્મની વિચારસરણી (૨)

## જૈન થિયરીને સમજો અને ગેરસમજ ટાળો

હમણાંથી જૈન પરિવારોમાં કોઈનું મૃત્યુ થતાં, મૃતકની સ્મશાનયાત્રામાં 'અરિહંત નામ સત્ય હૈ,' 'જય જિનેન્દ્ર' વગેરે બોલવાનું ચાલુ થયું છે. અન્ય ધર્મના લોકો 'રામનામ સત્ય હૈ' વગેરે બોલતા હોય છે તેમાંથી આ પ્રેરણા મળી હશે એમ કહી શકાય. હકીકતે જૈન ગૃહસ્થની સ્મશાનયાત્રા હંમેશાં મૌનપૂર્વક જ નીકળે. આપણા પૂર્વજોએ બહુ વિચારપૂર્વક આ પ્રથા વિકસાવી હતી.

સ્મશાનયાત્રામાં અરિહંત, જિનેન્દ્ર વગેરેના ઉચ્ચારણો સ્પષ્ટપણે વીતરાગની આશાતનાનું કારણ બને છે. 'અમે જૈન છીએ' એવો દેખાડો સ્મશાનયાત્રામાં ન કરીએ તો ખુશીથી ચાલી શકે. મૌનપણે જઈ રહેલી સ્મશાનયાત્રાને જોઈને જ લોકો સમજી જાય કે 'અરે, આ તો કોઈ જૈન વ્યક્તિનું મરણ થયું લાગે છે.' આ સત્યનો ખૂબ પ્રચાર કરીને આપણા પૂર્વજોએ બહુ બુદ્ધિપૂર્વક વિકસાવેલી પ્રથાનું અનુસરણ ચાલુ રાખીએ એમાં જ જૈનધર્મની સાચી સેવા છે.

તમે જોયું હશે કે પૂજનીય સાધુ સાધ્વીજીઓ કાળધર્મ પામે ત્યારે પણ 'અરિહંત નામ સત્ય હૈ,' 'જય જિનેન્દ્ર' વગેરે બોલાતું નથી, પરંતુ 'જય જય નંદા, જય જય ભદ્દા' જ બોલવામાં આવે છે.

~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~

# ભગવાન મહાવીરનાં અમૃતવચન

તમારો આત્મા જ સંસાર છે અને તમારો આત્મા જ મોક્ષ છે.

જો તમારો આત્મા કષાયો અને ઇન્દ્રિયોને આધીન છે તો તમારો આત્મા સંસાર છે. જો તમારા આત્માએ કષાયો અને ઇન્દ્રિયોને જીતી લીધાં છે તો તમારો આત્મા મોક્ષ છે.

*

જ્ઞાની મૃત્યુથી ડરતો નથી. કારણ કે તે જાણે છે કે મૃત્યુ એ માત્ર પરિવર્તનની એક પ્રક્રિયા છે. જેમ જૂનું ઘર મૂકીને નવા ઘરમાં રહેવા જનાર આનંદથી થનગનતો હોય છે તેમ જ્ઞાની પણ નવા ઘરમાં જવા માટે ઉત્સુક હોય છે. ડર ત્યારે જ લાગે કે જ્યારે નવું ઘર કંગાળ હોય. જૂનું રાજમહેલ જેવું ઘર મૂકીને કંગાળ ઘરમાં જતાં જરૂર ડર લાગે. જ્ઞાની તો જે નવા ઘરમાં જાય તે હંમેશાં તેણે પાછળ મૂકી દીધેલા જૂના ઘર કરતાં ચઢિયાતું હોય છે. તેથી જ તે કદી મૃત્યુથી ડરતો નથી.

# તીર્થસ્થાનનું સ્થાપત્ય

## ધર્મના તત્ત્વજ્ઞાનને લક્ષમાં રાખી રચાવું જોઈએ

તીર્થસ્થાનનું સ્થાપત્ય ધર્મના તત્ત્વજ્ઞાનને લક્ષમાં રાખી રચાવું જોઈએ.

જૈન ધર્મનો મુખ્ય હેતુ સંસારી આત્માને પરમતત્ત્વ સુધી લઈ જવાનો છે. આ પ્રક્રિયામાં ધર્મમાં અનુશાસન, આત્મસંયમ, ત્યાગ અને તપસ્યાનું પ્રાધાન્ય રહ્યું છે. અને આ બધામાં અહિંસા - સૂક્ષ્મ તેમજ સ્થૂળ એમ બન્ને પ્રકારની - ને ખાસ મહત્ત્વ અપાયું છે. આ પ્રકારની જીવનશૈલીને યોગ્ય વાચા મળે તે માટે કળાનાં વિવિધ ક્ષેત્રોનો યોગ્ય તથા સંયત ઉપયોગ કરાયો છે. 'કળા એ દિવ્યત્વની પ્રાપ્તિનું સાધન છે, નહિ કે આનંદ- પ્રમોદનું' એ પ્રકારની વિચારસરણી જૈન ધર્મમાં પ્રવર્તમાન છે. ધર્મની ભાષાને યોગ્ય રીતે સમજવા કળાને યથાર્થ સ્વરૂપે સમજવી જરૂરી ગણાય છે. આથી જ ભારતવર્ષમાં વિકસેલ અન્ય ધર્મ - સંપ્રદાયોની જેમ જૈન ધર્મે પણ લલિતકળાનાં વિભિન્ન સ્વરૂપોને આશ્રય તેમજ પ્રોત્સાહન આપ્યાં અને સ્થાપત્ય તેમાં અપવાદ નથી.

ધર્મની ભાવનાત્મક તથા ભકિત વિષયક બાબતો લોકપ્રિય બનાવવા પણ કળાસ્થાપત્યની સહાય જરૂરી બની. કળાસ્થાપત્ય કાળક્રમે ધર્મની જે તે ભાવનાના પ્રતીક તથા પ્રતિબિંબ સમાન બનતું ગયું. આ કારણથી જ કળાસ્થાપત્યના સર્જન માટે ક્યારેય ધનની કમી ન વર્તાઈ. કારણ કે આ પ્રકારે વપરાતું ધન અંતે તો ધર્મના પ્રચાર તથા પ્રસારનું માધ્યમ બની ગયું.

પ્રત્યેક ધર્મમાં થતું આવ્યું છે તેમ, જૈન ધર્મના આશ્રયે વિકસેલી કળામાં પણ તે ધર્મનો આત્મા વણાતો ગયો. જો કે આ કળાસ્થાપત્યની રજૂઆતમાં વૈભવશાળી વિવિધતા રહી છે. પણ અંતે તો પ્રત્યેક રચના ધર્મના તત્ત્વને પ્રતિબિંબિત કરે છે. આ કળાસ્થાપત્યમાં જે અલૌકિકતા આવે છે તે અધ્યાત્મચિંતન તથા આત્માનુભૂતિ માટે નિમિત્ત બની શકે તેમ લેખાય છે.

ધર્મમાં પૂજનીય તથા પવિત્ર સ્થાનોને તીર્થ કહેવાય છે. અહીં દુઃખ તથા મુશ્કેલીઓથી ભરપૂર સંસાર-સાગરને પાર કરી જવા માટે મદદ તથા પ્રોત્સાહન મળે છે. જૈન ધર્મમાં આવાં તીર્થસ્થાનો

કુ. ચૈતાલી શાહ

આત્મોત્કર્ષ માટે અતિ ઉપયોગી લેખાયાં છે અને તેથી જ કદાચ આવાં તીર્થસ્થાનો માટે સમાજથી દૂર એકાંતવાળાં સ્થાનોની પસંદગી સભાનતા તથા સંવેદનાપૂર્વક કરાઈ છે. આવાં સ્થળોએ એક નિર્મળતા સંચાર થતી હોય છે જેનાથી વ્યક્તિ અધ્યાત્મ તરફ જાય ત્યારે વાતાવરણથી



*ઘણીવાર દેરાસરની રચનામાં પોતાનું આંતરિક વાતાવરણ સરજાય છે.*

લેખાંક : સાત

*કળાસ્થાપત્યમાં જે અલૌકિકતા આવે છે તે અધ્યાત્મચિંતન તથા આત્માનુભૂતિ માટે નિમિત્ત બની શકે તેમ લેખાય છે.*

ખલેલ નથી પહોંચતી. અહીં ચિંતન માટે જરૂરી એકાગ્રતા પણ સહજ બને છે.

આ તો થઈ તીર્થસ્થાનોની જગ્યાની પસંદગીની વાત. આ પસંદગી થયા બાદનું કામ સ્થપતિનું હોય છે. તેણે જે કારણે જે તે સ્થાનની પસંદગી કરાઈ હોય તે કારણનું વધુ દૃઢીકરણ થાય તે જોવાનું હોય છે. સ્થાપત્ય થકી હયાત પરિસ્થિતિ સાથે જો વિસંવાદિતા સ્થપાય તો જે પ્રકારનું વાતાવરણ સર્જાય તેમાં એકાગ્રતા કદાચ મુશ્કેલ બને.

તીર્થસ્થાનોનું સ્થાપત્ય જરૂરથી ભવ્ય હોવું જોઈએ પણ તેની ભવ્યતા માનવીમાં અતિ પામરતા ની લાગણી જગાવે તે યોગ્ય ન ગણાય. અહીં પ્રાસાદની વિવિધ સપાટીઓને વિવિધ કોતરણીથી અલંકૃત જરૂરથી કરી શકાય, પણ આવી કોતરણી કોલાહલ સમાન ન બનવી જોઈએ. મનના આનંદ માટે અહીં લલિતકળાના જે તે પાસાં પ્રયોજાવાં જોઈએ પણ આવા પ્રયોજનમાં ભોગવાદ તથા વિલાસ પ્રતિબિંબિત ન જ થવા જોઈએ. અહીં રચનામાં ધન વિપુલ પ્રમાણમાં ખર્ચાય તેમાં કોઈ બાધ ન હોવો જોઈએ, પણ માત્ર દેખાડા ખાતર ખર્ચાતા ધન પર પ્રતિબંધ હોવો જોઈએ. અહીં ધર્મની સામૂહિક ભાવના પ્રબળ થવી જોઈએ પણ સાથે સાથે વ્યક્તિગત એકાગ્રતા પણ સંભવવી જોઈએ. તીર્થસ્થાનોમાં વિકસતા કળાસ્થાપત્યમાં દરેક વસ્તુ હેતુપૂર્ણ હોવી જરૂરી છે. અહીં કોઈ પણ રચના વધારાની કે બિનજરૂરી ન લાગવી જોઈએ અને સાથે સાથે ક્યાંય અધૂરાશ પણ ન વર્તાવી જોઈએ.

પ્રાચીન તીર્થસ્થાનોના કળાસ્થાપત્ય પાસેથી આપણે ઘણું શીખવાનું છે. જૈન ધર્મની મૂળ પરંપરા તથા ભાવનાના પ્રતીક સમાં આ પ્રાચીન તીર્થસ્થાન સંસ્કૃતિની ધરોહર સમાન છે. તેની યોગ્ય સમજ પરથી પ્રેરણા લઈને જ સ્થપતિઓએ નવાં તીર્થસ્થાનની રચના નિર્ધારિત કરવી જોઈએ, પણ ક્યારેક આવું જોવા નથી મળતું અને તે માટે નવાં વિકસતાં તીર્થસ્થાનોનાં ટ્રસ્ટીમંડળની સંકુચિતતા પણ જવાબદાર છે.

# શાબ્બાશ ઉમાભારતી શાબ્બાશ

વેરી નાઇસ ઉમાભારતીજી. તમે અમારી સવાર સુધારી નાખી. હજી તો સત્તામાં આવ્યાને આંગળીના વેઢે ગણાય એટલા દિવસો જ થયા છે અને તમે રાજધર્મ આચરી બતાવ્યો. હમેં નાઝ હૈ આપ જૈસી સાધ્વી પર, જિસને સત્તા મેં આતે હી અપની આસ્થા કે કેન્દ્ર જૈસે તીર્થસ્થાનોં મેં શરાબ ઔર માંસાહાર કે ક્રય વિક્રય પર રોક લગા દી.

વાત જાણે આમ છે : મધ્યપ્રદેશના ઉજ્જૈન, અમરકંટક અને મહેશ્વર ક્ષેત્રોને કાયદેસર રીતે 'પવિત્ર સ્થાન'નો દરજ્જો આપી દેવામાં આવ્યો છે. અહીં હવેથી બિનશાકાહારી પદાર્થો અને દારૂનો વેપાર નહીં થઈ શકે.

ઉલ્લેખનીય છે કે ઉક્ત ક્ષેત્રો સેંકડો વર્ષોથી હિંદુઓની આસ્થાનાં કેન્દ્રો છે. ભારતની આઝાદીના અર્ધશતક પછી પણ ઢોંગી બિનસાંપ્રદાયિક સરકારોએ જે કદમ નહોતું ઉઠાવ્યું તે નવી સદીની નવી સરકારે ચપટી વગાડતાંક કરી બતાવ્યું છે. બહુ મોડે મોડે લેવાયેલું આ એક સાચી દિશાનું કદમ છે.

ભારતીય નારી ઉમાભારતીને, સાધ્વી ઉમાભારતીને અને મધ્યપ્રદેશનાં મુખ્યમંત્રી ઉમાભારતીને લાખ લાખ અભિનંદન...

હવે થોડી ઘરની વાત.

અનંત જીવોને સિદ્ધિનું સ્થાન અપાવનાર, કાંકરે કાંકરે જ્યાં અનંત આત્માઓ મોક્ષે ગયા હોવાનું ગાઈ વગાડીને કહીએ છીએ તે સિદ્ધક્ષેત્રની હાલત કેવી છે? પાલિતાણાના રેલ્વેસ્ટેશનથી લઈને સિદ્ધક્ષેત્રની તલાટી સુધીમાં જાહેર રોડ ઉપર જોઈએ એટલાં ઇંડાં મળે. ખુલ્લેઆમ. સરેરાહ. છડેચોક. ઊભી બજારે. અને દારૂ? અમારૂં નિરીક્ષણ સાચું હોય તો, દારૂ, સૌથી વધારે સરળતાથી તીર્થક્ષેત્રોમાં મળે છે! *(લોકો અમથા માઉન્ટ આબુ સુધી લાંબા થાય છે! ભઈ, પાલિતાણા જ પહોંચી જાઓને. જાત્રાની જાત્રા અને.....)*

પાલિતાણામાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના કાર્યાલયની સામે જ ઊભી રહેતી ઇંડાની લારીઓ આપણા જાતે બની બેઠેલા જૈન આગેવાનોની ઇજ્જતનો જાહેરમાં કચરો કરતી રહે છે. અને એ લોકો કહે છે : શાસનની હીલણા થતી હોય એવા કામમાં અમારાથી સાથ ન આપી શકાય. ના, પાલિતાણામાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના કાર્યાલયથી તે ઠેઠ તલાટી સુધી મોજથી વેચાતાં ઇંડાં; લુખ્ખાઓ દ્વારા મોજથી લૂંટાતા રહેતા જૈનો; અને જૈનોનો જ પગાર ખાઈને તગડા બની ગયેલા / ખાઈબદેલા પૂજારીઓ, કર્મચારીઓ દ્વારા પ્રચ્છન્ન અને જાહેર રીતે જૈનોની જ થતી અસંખ્ય પ્રકારની હેરાનગતીથી જૈન શાસનની જરાય હીલણા નથી થતી. *(ઈ આગેવાન શેઠિયા માણહુંને ક્યાં પાસની લાઈનમાં ઊભા રહેવું પડે છે? કોઈ દી ભાળ્યા?)*

કોઈ માઈનો લાલ ગુજરાત વિધાનસભામાં બેઠેલા જૈન પ્રતિનિધિઓને પૂછતો નથી કે ભાઈ, આ તીર્થક્ષેત્રને 'પવિત્ર શહેર'નો દરજ્જો ક્યારે આપો છો? શત્રુંજયી નદીમાંથી માછલાં પકડનારને જેલના હવાલે કરવાનો કાયદો ક્યારે લાવો છો? માત્ર પોતાની ફાઇલોની ચિંતા કરવી એટલું જ આપણું કામ નથી. ગુજરાતના હરિજનની કહેવાતી સતામણી થાય ત્યારે એક્ટ્રોસિટી એક્ટ લગાડનારા લોકો જૈનોની ભૂમિ ઉપર જ જૈનોની મનોધાર્મિક સતામણી થાય ત્યારે શું કરે છે?

ધીરૂભાઈ શાહ (ઓળખ્યા? આપણી ગુજરાત વિધાનસભાના માજી સ્પીકર), બાબુભાઈ મેઘજી શાહ (કોઈ જમાનામાં ભાજપાના વાવાઝોડામાં આગળ આવી ગયેલા અને હવે કૉંગ્રેસના આગેવાન ધારાસભ્ય), ભાવિન શેઠ (વર્તમાન વિધાનસભામાં પાલડી-અમદાવાદનું પ્રતિનિધિત્વ કરી રહેલા માનનીય ધારાસભ્યશ્રી) વગેરે વગેરે વગેરે અને ગુજરાત સરકારમાં નોકરી કરતા અસંખ્ય જૈન અધિકારીઓ, સાંભળો છો? ડુ યૂ હેવ ઇયર્સ? ઇફ સો, મુસ્લિમ ધારાસભ્યો અને મુસ્લિમ અધિકારીઓ પાસે બેસીને શીખો કે પોતાના સમાજનાં કામો કઈ રીતે કરાય / કરાવાય. નહીં તો પછી અમારે એમ પૂછવું પડશે કે ડુ યૂ હેવ ઇયરપ્લગ્સ?

ભારતના સૌથી વધુ જૈનો ગુજરાતમાં છે અને ગુજરાતના જૈનો જેવી અનાથ પ્રજા દુનિયામાં ક્યાંય નથી.

કોઈક કાળે જૈનો નિર્ણાયક હતા, આજે નિર્નાયક છે. 'ન' અને 'ણ' ની હેરાફેરી સિવાય કંઈ થયું નથી.

ગુજરાત રાહ જોઈ રહ્યું છે કોઈ ઉમાભારતીની જે પોતાનાં હજારો વર્ષો જૂનાં તીર્થક્ષેત્રોને માંસાહાર અને દારૂમાંથી મુક્ત કરે. અમને જોઈએ છે વાઈબ્રન્ટ તીર્થસ્થળો, માત્ર વાઈબ્રન્ટ વાતો નહીં.

ઘા ભેગા ઘસરકા જેવી એક આડવાત : જૈન મહાજન દ્વારા સિદ્ધક્ષેત્રને લીલોછમ્મ બનાવી દેવાના પ્રોજેક્ટની ફાઈલો આમથી તેમ અથડાય છે અને જાડી ચામડીના અધિકારીઓ એની ઉપર ચપ્પટ બેસી ગયા છે *(તમે ભેગા કરેલા પેલા તેર કરોડ રૂપિયા અમને આપી દો ને, અમે બધું કરી નાખશું. કેમ રૂપિયા કંઈ તમારા બાપના છે? હાલી નીકઈળા છે જૈનોના પરસેવાના રૂપિયા પડાવી લેવા અને એ પૈસે તાગડધિન્ના કરવા).* આ માટે જૈન ઓફિસરો અને રાજનેતાઓ (જૈન રાજનેતાઓ, ધેટ ઇઝ) શું કરવા માગે છે? જાતે બની બેઠેલા રાષ્ટ્રસંતો તો એક પાપડના બે ટુકડા નથી કરી બતાવવાના, તમે તો કરી બતાવો.

માનનીય શ્રી. નરેન્દ્રભાઈ, આપને યાદ દેવડાવવાનું કે ગુજરાતમાં ગુજરાતી રાજકારણના પહેલા ખોળાના દીકરા ઉપરાંત જૈન નામની કોઈ પ્રજા પણ રહે છે.

*ગુજરાતને પહેલીવાર મળેલા લોખંડી મુખ્યમંત્રીમાં મૂકેલી શ્રદ્ધા ડગી જાય તે પહેલાં...*

---

**પૃષ્ઠ ૧નું અનુસંધાન**

સમગ્ર ગચ્છની વાત તો એક બાજુ રહી, પોતાના સમુદાયમાં ય કોઈ વિરલા ગચ્છાધિપતિની સંપૂર્ણ આણ નથી ચાલતી. દરેકને પોતાનો ભૂતકાળ, મામકા પરાયાના ભેદભાવો, એક પ્રત્યે અનુરાગ, એક પ્રત્યે દ્વેષ, જૈન શાસન પ્રત્યે નિષ્ઠા અને સમર્પણનો અભાવ વગેરે બાબતો ક્યાંકને ક્યાંક નડે જ છે.

એક સમુદાયમાં એક મુનિવરે તો રીતસર પોતાના વડીલો સામે એકવાર તહોમત મૂક્યું હતું કે *'આપણા સમુદાયમાં ગુંડાઓનું રાજ ચાલે છે.'* આજે એ મુનિવરને પદવી આપીને શાન્ત પાડી દેવાયા છે! નેચરલી, પેલા મુનિવરે ગુંડા તરીકે ઓળખાવેલા સાધુઓ પણ પદવીધર બની જ ગયા છે. એમાંનો જ કોઈ ભવિષ્યમાં ગચ્છાધિપતિ પણ બનશે! પછી તે સમુદાયમાં કેવું શાસન પ્રવર્તશે?

થોડાં વરસ પહેલાં એક સમર્થ આચાર્યનાં જાતીય કૌભાંડો બહાર આવતાં એમના ગચ્છાધિપતિએ એમને સમુદાય બહાર મૂક્યા, પણ એવું જાહેર ન થાય એની પૂરી તકેદારી પણ રાખી. કારણ? કારણ કે પેલા અનાચારી આચાર્ય એમને કંઈ કરી નાખે તો? હવે એ ગચ્છાધિપતિશ્રી જ્યારે પાટ ઉપરથી બીજાને 'અભય'નો ઉપદેશ આપતા હશે અને 'અબ હમ અમર ભયે ન મરેંગે'નાં પદ લલકારતા હશે ત્યારે કેવા લાગતા હશે? બીજાની સામે નહીં, પોતાની જાત સામે.

મોગલ સામ્રાજ્યના સૂર્યાસ્તની પૂર્વસંધ્યાએ, ઇસ્ટ ઇન્ડિયા કંપની વખતે એક રમૂજી પણ ધારદાર કહેવત પડી હતી : 'ખલ્ક ખુદાકા, મુલ્ક બાદશાહકા, હુકુમ કંપની સરકારકા!' ખબર નહીં શાથી, પણ આજે એ કહેવત અચાનક યાદ આવી ગઈ! શાસન ભગવાનનું, સમુદાય ગચ્છાધિપતિનો અને આદેશ? 'આદેશ કોનો' એ લખવા માટે, અમે, સ્વાભાવિક રીતે જ, ઘણા નાના છીએ.

# જય જિનેન્દ્ર

જય જિનેન્દ્રનો આ ત્રેવીસમો સળંગ અંક છે. આગામી ચોવીસમા અંકના પ્રકાશન સાથે જ તે પોતાના બીજા વર્ષની પૂર્ણાહુતિ કરશે અને આગામી પચ્ચીસમા અંક સાથે તે પોતાના ત્રીજા વર્ષમાં પ્રવેશ કરશે.

અમારા બીજા વર્ષના આરંભે અમે જૈનશાસન ગૌરવ પૂર્તિનું પ્રકાશન કર્યું હતું, જેને જબ્બર પ્રતિસાદ મળ્યો હતો. આ વખતે અમે ત્રીજા વર્ષના આરંભે ભગવતી પદ્માવતીને લગતા વિશેષ અંકનું પ્રકાશન કરશું. આ અંકમાં અમે ભગવતી પદ્માવતીનો મહિમા, તેનાં વિવિધ અનુષ્ઠાનો, તેની વિવિધ ઉપાસનાઓ વગેરેનો સમાવેશ કરવાના છીએ.

**વાચકો, લેખકો, વિદ્વાનોને વિનમ્ર વિનંતી**

ભગવતી પદ્માવતીના મહિમાથી જૈન સંઘમાં કોણ અજાણ હશે? ભગવતી પદ્માવતી અંગે આપના કોઈ અનુભવ હોય તો આપ અમને મોકલી શકો છો. ભગવતી પદ્માવતી અંગે આપની પાસે પ્રકાશિત કરવા યોગ્ય કોઈ સામગ્રી હોય તો તે પણ આપ અમને મોકલી શકો છો. ભગવતી માતાના કોઈ વિશિષ્ટ ફોટોગ્રાફ્સ કે તેમનાં વિશિષ્ટ કલાત્મક ચિત્રો આપની પાસે હોય તો તે પણ આપ અમને પ્રકાશિત કરવા માટે મોકલી શકો છો. આ અંકમાં પ્રકાશિત કરવા યોગ્ય કોઈ પણ સામગ્રી અમને ફેબ્રુઆરી માસના અંત સુધી મળી જાય તે રીતે મોકલી આપવાથી અમારા કાર્યકરોને ખૂબ અનુકૂળતા રહેશે.

# નિબંધ લખો અને જીતો અગિયાર હજારનું ઇનામ

**નિબંધનો વિષય :** *બળાત્કારી સજલ અને ધતિંગખોર ભ્રષ્ટાચારી સાધુઓને પૈસો અને સત્તાના ઘમંડમાં રાચીને છાવરનારાં તત્ત્વો : એક ડાળનાં પંખી*

શબ્દમર્યાદા ૫૦૦ શબ્દોથી વધુ નહીં તેટલી. આખર તારીખ ૨૮ ફેબ્રુઆરી.
નિબંધ સંબંધી સર્વાધિકાર નિર્ણાયકોને આધીન.
નિબંધ અહીં મોકલશો :
જય જિનેન્દ્ર કાર્યાલય
એફ ૯, શ્રીનંદનગર વિભાગ ૪, વેજલપુર, અમદાવાદ - ૫૧.

# જય જિનેન્દ્ર

જેવું કે ગયા અંકમાં જણાવવામાં આવ્યું હતું, જય જિનેન્દ્ર દ્વારા નવી પરીક્ષાની તૈયારી પૂરજોશમાં ચાલુ છે. આ પરીક્ષાનો વિષય રહેશે : **'જૈન ધર્મના તેજસ્વી સિતારા.'** જય જિનેન્દ્રના ગ્રાહકોને પ્રશ્નપત્ર વિનામૂલ્યે આપવામાં આવશે અને બાકીના પરીક્ષાર્થીઓને પાંચ રૂપિયાનું મૂલ્ય લઈને પેપર આપવામાં આવશે. આજે જ જય જિનેન્દ્રના સદસ્ય બની જાઓ અને અવારનવાર યોજાતી પરીક્ષાઓ ઉપરાંત દર અંકે યોજાતી સ્પર્ધાઓમાં પણ ભાગ લો.

વિશ્વના ચોગાનમાં જૈન ધર્મનું નામ અમર કરનારા પુણ્યવાનોને લગતા સવાલો સાથેનું આ પેપર સાચે જ આપનું મન મોહી લેશે. એક સો સવાલો સાથેનું આ પ્રશ્નપત્ર ઑબ્જેક્ટિવ પ્રકારનું રહેશે. અગાઉની પરીક્ષા કરતાં આ પરીક્ષામાં ઇનામોની સંખ્યા પણ વધારે રાખવામાં આવશે.

રસ ધરાવનાર પુણ્યવાનોને વિનંતી કે તેઓ જૈન ઇતિહાસનાં પુસ્તકો રિફર કરવાનું ચાલુ કરી દે અને અત્યારથી જ પરીક્ષા માટે માનસિક રીતે તૈયાર થઈ જાય, તેમ જ જૈન જ્ઞાનભંડારો, પ્રજાકીય પુસ્તકાલયો, જાહેર વાચનાલયો વગેરેમાંથી જૈન ઇતિહાસને લગતાં પુસ્તકો મેળવીને નજર કરવાનું ચાલુ કરી દે.

*

જય જિનેન્દ્રના સદસ્ય બનવા માટે વાર્ષિક લવાજમ એકસો રૂપિયા ભરવાનું રહે છે. આપ ડ્રાફ્ટ અથવા એમ. ઓ. દ્વારા લવાજમ ભરી શકો છો. બહારગામના ચેકો સ્વીકારવામાં આવતા નથી. જય જિનેન્દ્ર ચીલાચાલુ કરતાં અલગ પ્રકારનું સામયિક છે. આ એક માત્ર એવું જૈન સામયિક છે જે જૈન સમાજની ક્ષતિઓ સામે બિનધાસ્તપણે અવાજ ઉઠાવે છે અને એમ કરવા માટે, તે, સ્થાપિત હિતો દ્વારા પોતાના બચાવ માટે ઠોકી બેસાડાયેલી શાસ્ત્રવિરુદ્ધની પરંપરાઓનો સદંતર અસ્વીકાર કરે છે.

*

'જૈનધર્મનું જનરલ નૉલેજ' પરીક્ષા પછી અમને એ પરીક્ષામાં ભાગ લેનારા પુણ્યવાનો તરફથી જે સંવેદન પ્રાપ્ત થયું છે તે દિલને ગદ્ગદિત કરે તેવું છે. આગામી અંકમાં અમે એ પત્રોની સારગ્રાહી વિગતો પ્રકાશિત કરીશું. આગામી પરીક્ષા માટે વિગતવાર માહિતી પણ આગામી અંકમાં પ્રકાશિત થનાર છે.

*

અમારૂં સરનામું આ પ્રમાણે છે :
જય જિનેન્દ્ર કાર્યાલય
એફ ૯, શ્રીનંદનગર વિભાગ ૪, વેજલપુર, અમદાવાદ - ૫૧.

## ધ લાસ્ટ બાઇટ...

**બોધપાઠ**

સુગંધ કદી કોઈ જગ્યા રોકતી નથી તેથી જ કોઈ જગ્યા કદી સુગંધને રોકી શકતી નથી.

●

**સ્પંદન**

ગચ્છના ભેદ બહુ નયણ નિહાળતાં તત્ત્વની વાત કરતાં ન લાજે;
ઉદરભરણાદિ નિજ કાજ કરતા થકાં મોહ નડિયા કલિકાલ રાજે. *(મહાત્મા આનંદઘન)*

●

**ના હોય!**

'આ સજલ જૈનને કોઈ સારા વકીલની જરૂર છે, તમારા ધ્યાનમાં છે કોઈ, જે એને નિર્દોષ છોડાવી શકે?'
'એને નિર્દોષ છોડાવવા માટે ગોબેલ્સસાગર કરતાં ચઢિયાતો વકીલ ભાગ્યે જ મળે!'

## !! अहो कार्टुनम्




Printed, Published and Owned by Nirved Acharya, F 9 Shrinandnagar IV, Vejalpur, Amdavad 380 051
Printed at Shivkrupa Offset Printers, 27 Amrut Industrial Estate, Nr. Dudheshvar Water Tank, Amdavad 380 004